# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૮૨૨૯-૪ તારીખ : ૧૩ - ૧૨ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
નીમેશ પ્રવીણભાઈ લીલાસીયા
મારૂતી કોમ્પલેક્ષ એફ.એફ.૦૬ મારૂતી ઇન્ડ. એરીયા વાવડી ,
મું. પો. : વાવડી , તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૪
મોબાઈલ : ૮૨૦૦૯ ૮૫૮૯૪

વિષય : નામ બદલી કરવા બાબતે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : NIL, તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૨/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.**
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**e-mail:forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૨/ક્વા-૩/૨૨-૨૩/** ૪૨૨૧-૫ **તા.** 13-12-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૧૨/ક્વા-૩/૨૨-૨૩**

અરજદાર : નીમેશ પ્રવીણભાઈ લીબાસીયા, ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી શહેર -૩ રાજકોટ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૯.૧૧.૨૦૨૨ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી ૨૯.૧૧.૨૦૨૨ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની લેખિત રજુઆત મુજબ ગ્રાહક નં ૩૪૫૧૪-૦૮૨૨૯-૫ થી સિંગલ ફેઝ કોમર્શિયલ લાઈટીગ કનેકશનમા નામ બદલીની અરજી સાથે રજિસ્ટર દસ્તાવેજ સબંધક પેટાવિભાગીય કચેરીમાં તા.૦૭/૦૯/૨૦૨૨ ના રોજ રજુ કરવા છતાં વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા નામ ટ્રાન્સફર કરી આપેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે, અરજદાર દ્વારા વિનોદભાઈ રાઘવભાઈ હરસોડાના નામ થી નિમેશ પ્રવીણભાઈ લીંબાસીયાના નામે તબ્દીલ કરવા તા.૦૭.૦૯.૨૦૨૨ થી અરજી કરેલ છે.

૩.૧ સદર વીજજોડાણમાં ગ્રાહકની અરજી મુજબ નામ તબદીલ શા માટે થઇ શકે તેમ નથી તે બાબતનો વાવડી અર્બન સબડીવીઝન દ્વારા પત્ર લખી જાણ પણ કરેલ અને વાવડી અર્બન સબડીવીઝન દ્વારા તા.૨૨.૧૧.૨૦૨૨ ના રોજ ટેલીફોનીક સંપર્ક કરી અરજદારને ઓફિસે બોલાવામાં આવેલ અને તા.૦૯.૦૯.૨૦૨૨ ના રોજ વાવડી અર્બન સબડીવીઝન દ્વારા મોકલાવેલ પત્ર અનુસંધાને દસ્તાવજી પુરાવા રજુ કરવા માટે જણાવેલ જે બાબતે તા.૨૩.૧૧.૨૦૨૨ ના સબંધક પેટાવિભાગીય કચેરીમાં વીજજોડાણ અપાયેલ તે સમયના દસ્તાવેજી પુરાવા અને નામ તબદીલ માટે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા શેડ નંબરના ફેરફાર બાબતે વાકેફ કરેલ અને સમજાવટ આપેલ. સદર બાબત અરજદારે પોતાનાથી વીજજોડાણ લેતા સમયે થયેલ ભૂલની લેખિતમાં કેફ્યત આપેલ છે અને મંજુર થયેલ પ્લાનની નકલ શેડ નંબર સાથે રજુ કરેલ છે.

૩.૨ અરજદારની અરજી અને રજુ કરેલ મંજુર થયેલ પ્લાન મુજબ શેડ નંબર ફેરફાર માટેની કાર્યવાહી કરેલ છે અને અરજદારની અરજીનું નિયમ મુજબ એસ.આર.નં થી ૧૫૫૭૦૧૨૦ રજીસ્ટ્રેશન કરેલ છે જેથી અરજદારની ફરિયાદનું નિરાકરણ થતા અરજદારે સમાધાન પત્ર તા.૨૩.૧૧.૨૦૨૨ માં સહી કરી આપેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની મુદ્દા નં ૨.૦ મુજબની રજૂઆત અન્વયે મુદ્દા નં ૩.૧ અને ૩.૨ મુજબની વિગતે અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી તા.૨૩.૧૧.૨૦૨૨ ના રોજ લેખિત સંમંતિપત્ર હેઠળ સહી કરી આપેલ છે. આમ, સદરકેસમાં ફોરમ કક્ષાએથી હવે કંઈ કરવાનું રહેતું નથી.

૪.૨ આ સાથે અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |